# અલૂણાંમાં હાથોને આપો ટ્રેન્ડીંગ મહેંદીનો આકર્ષક લુક





સારો ભરથાર મેળવવા કન્યાઓ અલૂણાવ્રત કરે છે. આ વ્રત પર મહેંદી લગાવવાનો ટ્રેન્ડ વર્ષોથી છે પણ દર વર્ષે મહેંદીની ડિઝાઈન બદલાતી જાય છે. સમયનો અભાવ નડતો હોવાથી હવે મિનિમલ મહેંદી વધારે પસંદ કરવામાં આવે છે. સોશ્યલ મીડિયાના જમાનામાં પરંપરાગત ડિઝાઈનમાં આધુનિક ટચ ઉમેરવાથી મહેંદીનું આકર્ષણ વધતું જાય છે. આ વખતે મોરની ડિઝાઈન, માત્ર ફિંગરને ફોકસ કરતી મહેંદી અને બ્રાઈડલ મહેંદી જેવી પણ મહેંદી ટ્રેન્ડિંગ બની છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે હવે તો મહેંદીની ડિઝાઈન મૂકવાનાં મશીન પણ મળે છે. ચાલો આ વખતે કેવી કેવી ડિઝાઈનની મહેંદી કન્યાઓ પસંદ કરવા લાગી છે તે જાણીએ.

## બ્રેસલેટ સ્ટાઇલ મહેંદી ઓછી જગ્યામાં પણ શાનદાર દેખાવ આપે છે

હાથના કાંડા પર બ્રેસલેટ જેવી ડિઝાઈન અને આંગળીઓ પર સુંદર પેટર્ન સાથેની આ મહેંદી દેખાવમાં ખૂબ જ આકર્ષક લાગે છે. આ ડિઝાઈનવાળી મહેંદી ઓછી જગ્યામાં પણ શાનદાર દેખાવ આપે છે.





## ગૌરી- શિવ થીમ મહેંદીમાં ભક્તિ અને સૌંદર્યનો સ્પર્શ

આ પ્રકારની મહેંદીમાં ભગવાન શિવનું ત્રિશૂળ, ડમરુ, ચંદ્ર, નંદી, ઓમનું પ્રતીક તેમ જ મા ગૌરીની આકૃતિ, કમળ, બેલપત્ર અને ફૂલોની કલાત્મક ડિઝાઈન જોવા મળે છે. આ મહેંદી માત્ર હાથની સુંદરતા જ નથી વધારતી પણ વ્રતના ધાર્મિક મહત્ત્વને પણ ઉજાગર કરે છે. આ થીમવાળી ડિઝાઈન સોશ્યલ મીડિયા પર ખૂબ લોકપ્રિય બની રહી છે.



## મિનિમલ ફૂલવાળી મહેંદી ડીઝાઇનનો વધ્યો ટ્રેન્ડ

આ વર્ષે ભારે અને ભરાવદાર ડિઝાઈનને બદલે મિનિમલ ફૂલવાળી મહેંદી સૌથી વધુ પસંદ કરવામાં આવી રહી છે. એનું એક કારણ સ્કૂલ, ટ્યૂશન અને બીજી એક્ટિવિટીઝમાં સમય આપવાનો હોવાથી વ્યસ્તતા વચ્ચે ઝીણી અને ભરાવદાર મહેંદી મુકાવવા માટે વધુ સમય ના હોય ત્યારે છોકરીઓ આવી ડિઝાઈનની મહેંદી પસંદ કરે છે. વળી, સોશ્યલ મીડિયા પર મિનિમલ ફ્લોરલ મહેંદી ડિઝાઈન સારી એવી લોકપ્રિય થઈ રહી છે. હાથની મધ્ય ભાગમાં અને આંગળીઓ તથા કાંડા પર બનાવાતી આ ડિઝાઈન જ્યાપાર્વતી વ્રતના પ્રસંગે સાદગી અને સૌંદર્યનો અનોખો સમન્વય રજૂ કરે છે.



